# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-03-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, આગામી પાંચ વર્ષમાં ત્રણ કરોડ લખપતિ દીદી તૈયાર કરવાનું સરકારનું લક્ષ્ય છે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સ્ત્રી-પુરુષ સમાનતા માટે પુનઃસમર્પિત થવા અપીલ કરી છે.

3) સંસદનાં બજેટ સત્રનાં બીજા તબક્કાનો આ સોમવારથી પ્રારંભ થશે

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, કોડિનાર અને તાલાલા ખાંડ મિલોનાં પુનરોધ્ધારથી ૧૦ હજારથી વધુ ખેડૂતોના જીવનમાં સમૃધ્ધિનાં દ્વાર ખુલશે.

5) ભારતીય મહિલા કબડ્ડી ટીમે ઈરાનની કબડ્ડી ટીમને પરાજય આપીને એશિયાઈ મહિલા કબડ્ડી સ્પર્ધાનો ખિતાબ પાંચમી વખત જીતી લીધો છે.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM LAKHPATI DIDI

કેન્દ્ર સરકારે મહિલા સન્માનને પ્રાથમિકતા આપી છે. અને આગામી પાંચ વર્ષમાં ત્રણ કરોડ લખપતિ દીદી તૈયાર કરવાનું સરકારનું લક્ષ્ય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે નવસારી જિલ્લાનાં વાંસી બોરસીમાં આયોજિત લખપતિ દીદી સંમેલનમાં આ મુજબ જણાવ્યું હતું.

## (PM Lakhpati didi)

પ્રધાનમંત્રીએ આ સંમેલનમાં 25 હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને 450 કરોડ રૂપિયાની નાણાકીય સહાયનું વિતરણ કર્યું. શ્રી મોદીએ પાંચ લખપતિ દીદીઓને લખપતિ દીદી પ્રમાણપત્ર એનાયત કરીને સન્માનિત કરી હતી. કાર્યક્રમમાં આશરે એક લાખ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે રાજ્યની મહિલાઓ લખપતિ દીદી બની છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ લખપતિ દીદી યોજનાનાં 10 લાભાર્થી સાથે સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# PREZ CONFERENC-WOMEN'S DAY

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનાં ભાગરૂપે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનાં અધ્યક્ષપદે રાષ્ટ્રીય કક્ષાની “નારી શક્તિ સે વિકસીત ભારત” પરીષદ યોજાઈ ગઈ.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, મહિલાઓએ વિવિધ ક્ષેત્રમાં આપેલા યોગદાનનાં સન્માનમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેમણે સ્ત્રી-પુરુષ સમાનતા માટે પુન:સમર્પિત થવા અપીલ કરી હતી.

(બાઈટ -- રાષ્ટ્રપતિ)

. . . . . . . . . . . . . . . .

# WOMEN'S DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળની કેન્દ્ર સરકારે મહિલાઓને અધિકાર સંપન્ન બનાવીને મહિલાઓની આગેવાની સાથે દેશનાં વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

ભાજપનાં અધ્યક્ષ જેપી નડ્ડાએ મહિલા આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણીનાં ભાગરૂપે આજે દિલ્હીમાં યોજાયેલાં ખાસ કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે મહિલા સમૃદ્ધિ યોજનાને મંજૂરી આપવા માટે દિલ્હી સરકારનો આભાર માન્યો હતો.

દિલ્હી સરકારે ગરીબ વર્ગની મહિલાઓને અઢી હજાર રૂપિયા આપવાની જોગવાઈ ધરાવતી મહિલા સમૃદ્ધિ યોજનાને મંજૂરી આપી છે. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આ યોજના માટે પાંચ હજાર એકસો કરોડ રૂપિયાની અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, આ યોજનામાં લાભાર્થીઓને નોંધણી કરવવા ખાસ પોર્ટલનો ટૂંક સમયમાં શુભારંભ કરાશે.

આકાશવાણી સમાચાર સેવા વિભાગ દ્વારા મહિલા દિવસની ઉજવણીનાં ભાગરૂપે આજે દિવસ દરમિયાનનાં તમામ અંગ્રેજી અને હિંદી બુલેટીનની કામગીરી મહિલા કર્મચારીઓએ સંભાળી છે. આજે મહિલા દિવસ નિમિત્તે આકાશવાણી વિભાગ દ્વારા રાતનાં સવા નવથી દસ વાગ્યા સુધી વિશેષ ચર્ચા પ્રસારીત થશે.

સેન્ટ્રલ રેલ્વેએ લોકોપાયલોટ સહિત તમામ કર્મચારીઓ મહિલાઓ હોય તેવી મુંબઈથી શિરડી સુધીની વંદેભારત ટ્રેન આજે ચલાવી છે.

. . . . . . . . . . . . . . .

# PARLIAMENT-BUDGET SESSION

સંસદનાં બજેટ સત્રનાં બીજા તબક્કાનો આ સોમવારથી પ્રારંભ થશે. સોમવારથી આગામી ચોથી એપ્રિલ સુધી ચાલનાર સંસદનાં બજેટ સત્રમાં વીસ બેઠકો યોજાશે.

આ સત્રમાં અનુદાન માટેની માંગણીઓના વિધેયક પર ચર્ચા અને મતદાન થશે. આ ઉપરાંત બેંકીગ કાયદા સુધારા વિધેયક, રેલ્વ સુધારા વિધેયક અને ત્રિભુવન સહકારી યુનિવર્સિટી વિધેયક અંગે ચર્ચા હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, સંસદનાં બજેટ સત્રનો પહેલો તબક્કો 31 મી જાન્યુઆરીથી 13 મી ફેબ્રુઆરી દરમિયાન યોજાયો હતો.

. . . . . . . . . . . . . . . .

# AMIT SHAH KODINAR SUGAR MILL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, ગુજરાતનાં ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર અને તાલાલા ખાંડ મિલોનાં પુનરોધ્ધારથી આ વિસ્તારનાં ૧૦ હજાર થી વધુ ખેડૂતોના જીવનમાં સમૃધ્ધિનાં દ્વાર ખૂલશે.

કોડિનાર અને તાલાલા સુગર મિલોના આધુનિકરણ માટે ભૂમિપૂજન કરતા શ્રી શાહે જણાવ્યું કે, આ સુવિધાથી ખેડૂત 'અન્નદાતા' ની સાથે હવે 'ઉર્જાદાતા' બનીને વૈશ્વિક સ્તરે જૈવ ઇંધણ ઉત્પાદક  પણ બનશે.

અહીં ઇન્ડિયન પોટાશ બે ડિસ્ટલરી, એક ગ્રીન પાવર પ્લાન્ટ, એવિએશન ટર્બાઈન પ્લાન્ટ સહિતની સગવડો ઊભી કરશે. કોડિનાર અને તાલાલા સુગર મિલોની કામગીરી 31 ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. શેરડીનું પીલાણ નવેમ્બર શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત શ્રી શાહે જુનાગઢમાં બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે વિવિધ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. અગાઉ શ્રી શાહે સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન અને પૂજા અર્ચના કરી હતી. તેઓ આવતીકાલે અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

--------------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# Rahul Gandhi Ahmedabad

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે ગુજરાતનાં અમદાવાદમાં કાર્યકર્તાઓ અને હોદેદ્દારોને સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા અને શહેર કોંગ્રેસના હોદ્દેદારો, પક્ષના વિવિધ સેલના પ્રમુખો હાજર હતા.

આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્ત કોંગ્રેસના મહિલા આગેવાનોએ તેમનું સ્વાગત કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કોંગ્રેસના સંગઠનને મજબૂત કરવા તથા ગુજરાતમાં કોંગ્રેસની હાર પાછળના કારણો તથા પરિબળો જાણવા શ્રી ગાંધી બે દિવસથી ગુજરાતની મુલાકાતે છે.

. . . . . . . . . . . . . . .

# KABADDI

ભારતીય મહિલા કબડ્ડી ટીમે ઈરાનનાં તહેરાનમાં યજમાન ઈરાનની કબડ્ડી ટીમને પરાજય આપીને એશિયાઈ મહિલા કબડ્ડી સ્પર્ધાનો ખિતાબ પાંચમી વખત જીતી લીધો છે.

સ્પર્ધાની ફાઈનલમાં ભારતે ઈરાનને 32-25 થી પરાજય આપ્યો હતો. સેમિફાઈનલમાં ભારતે નેપાળ સામે વિજય મેળવીને સ્પર્ધાની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં ભારતીય મહિલા કબડ્ડી ટીમે એક પણ મેચ ગુમાવી નથી.

. . . . . . . . . . . . . . . .

# ICC CHAMPIONS TROPHY-DUBAI

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ સમિતિ - ICC ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચ આવતીકાલે દુબઈમાં ભારત અને ન્યૂ ઝિલેંન્ડ વચ્ચે રમાશે. આ માટે બંને ટીમ તડામાર તૈયારીઓ કરી રહી છે. ભારત તાજેતરની મેચમાં ટોચનું સ્થાન ધરાવે છે.

ઓસ્ટ્રેલિયાને ચાર વિકેટથી હરાવીને ભારતે ફાઇનલમાં જગ્યા બનાવી છે. ગત સપ્તાહે રમાયેલી ગૃપ સ્ટેજ મેચમાં, ભારતે ન્યૂ ઝિલેંન્ડ સામે 44 રનથી વિજય મેળવ્યો હતો. આ પહેલા બંને ટીમ મુંબઈમાં વર્ષ 2023ના ICC ક્રિકેટ વિશ્વકપની સેમિ-ફાઇનલમાં રમી હતી ત્યારે પણ ભારત 70 રનથી જીતી ગયું હતું.

જ્યારે ન્યૂ ઝિલેંન્ડે છેલ્લે વર્ષ 2019માં માન્ચેસ્ટરમાં રમાયેલી ICC મેન્સ ક્રિકેટ વિશ્વકપની સેમિફાઇનલમાં ભારત સામે વિજય મેળવ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# RAJNATH-BANGLADESH

ભારત, પાડોશી દેશો સાથે તંદુરસ્ત દ્વિપક્ષીય સંબંધો જાળવવા માંગે છે. અને બાંગ્લાદેશ તેમાં અપવાદ નથી. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે એક સમાચાર સંસ્થા સાથેની વાતચીતમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી સંબોધનને ટાંકતાં આ મુજબ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા રણધીર જયસ્વાલે ગઈકાલે જણાવ્યું હતું કે, ભારત સ્થિર, શાંતિપૂર્ણ, સર્વસમાવેશક અને પ્રગતિશીલ બાંગ્લાદેશને સમર્થન આપશે. અને બાંગ્લાદેશ સાથેનાં તમામ મુદ્દાઓ લોકશાહી ઢબે ઉકેલવાનો પ્રયાસ કરશે.

. . . . . . . . . . . . . . .

# RAJASTHAN-OM BIRLA

લોકસભાનાં અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું છે કે, સર્વસંમતિ અને જુદો મત હોવોએ મજબૂત લોકશાહીનાં લક્ષણો છે. જોકે આયોજન સાથે ધારાસભાઓની કામગીરીમાં વિક્ષેપ ઉભો કરવોએ લોકશાહીનાં મૂલ્યોને અનુરૂપ નથી.

રાજસ્થાન કોન્સ્ટીટ્યૂશન ક્લબનો શુભારંભ કરાવતાં શ્રી બિરલાએ ભારપૂર્વક કહ્યું કે, ધારાસભાઓમાં વિગતવાર ચર્ચા થવી જોઈએ. તેમણે કહ્યું કે, કોન્સ્ટીટ્યૂશન ક્લબએ લોકશાહીનાં મૂલ્યો આધારીત ચર્ચા માટે મંચ બનવો જોઈએ.

. . . . . . . . . . . . . . . .

# VAISHNAW-TELANGANA

તેલંગણાનાં મહેબૂબ નગર જિલ્લામાં વાહનો માટે ઉપયોગી લીથીયમ-આયન બેટરી ઉત્પાદન એકમનાં પહેલાતબક્કાનો આજથી પ્રારંભ થયો છે.કેન્દ્રીય માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આ એકમનું ઉદ્ઘાટન કરતાં ઓટોમોબાઈલ ક્ષેત્રે આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાકાર કરવા બેટરી ટેકનોલોજી ક્ષેત્રનો વિકાસ આવશ્યક હોવાનું જણાવ્યું છે. આજે મહિલા દિવસ પ્રસંગે કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓને શુભેચ્છા આપતાં શ્રી વૈષ્ણવે કેન્દ્ર સરકાર દ્વારા મહિલાઓને અધિકાર સંપન્ન બનાવવા છેલ્લા દસ વર્ષમાં લેવાયેલા પગલાંની વિગતો આપી હતી.

ઉલ્લેખનીય છે કે, એક ખાનગી કંપની દ્વારા સ્થપાયેલા આ બેટરી ઉત્પાદન એકમમાં ભારતીય આબોહવાને અનુકૂળ અને ઈલેક્ટ્રીક વાહનો માટે ઉપયોગી બેટરીનું ઉત્પાદન કરાશે.

. . . . . . . . . . . . . . . .

# PUNJAB-ARREST

સરહદ સલામતી દળ અને પંજાબ પોલીસનાં જવાનોએ કરેલી સંયુક્ત કાર્યવાહીમાં ભારતમાં કેફી પદાર્થો લાવનાર બે વ્યકિતીઓની ધરપકડ કરાઈ છે. ભારત-પાક સરહદ નજીકનાં વિસ્તારમાં  બે વ્યકિતીઓ શંકાસ્પદ હિલચાલ કરતી જણાઈ હતી. બીએસએફ અને પંજાબ પોલીસનાં જવાનોએ તેમને પકડીને તપાસ કરતાં હેરોઈનનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં પાકિસ્તાનમાંથી ડ્રોનની મદદથી આ હેરોઈન ભારતમાં મોકલવામાં આવ્યું હોવાનું જણાયું છે. આ અંગે વધુ તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . .

# SYRIA-FIGHT TOLL

સીરીયાનાં દરિયાકાંઠાનાં લતાકીયા ક્ષેત્રમાં સીરીયાનાં સૈનિકો અને પદ પરથી દૂર કરાયેલા બશર-અલ-અસાદને વફાદાર દળ વચ્ચે ચાલી રહેલી લડાઈમાં મૃત્યુ પામનારાનો આંક 500ને આંબી ગયો છે.

ઈંગ્લેન્ડ ખાતેની સીરીયન માનવ અધિકાર સંસ્થાએ જણાવ્યું છે કે, અત્યાર સુધીનાં સંઘર્ષમાં 330 નાગરીકો, 93 સીરીયાના સૌનિકો અને 120 બળવાખોરોનાં મોત નિપજ્યાં છે. દરમિયાન સીરીયામાં સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે, સીરીયામાં દળોએ ઝડપી કાર્યવાહી કરીને વિદ્રોહી દળોનાં કબજા હેઠળનાં ઘણાં વિસ્તારો પાછા મેળવ્યાં છે.

. . . . . . . . . . . . . . .